# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-11-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*******************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભુવનેશ્વર ખાતે પોલીસ મહાનિદેશકો અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદમાં હાજરી આપી.
2) ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે અરુણાચલ પ્રદેશના એક દિવસના પ્રવાસે.
3) રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે ગુજરાતની એક દિવસની મુલાકાતે.
4) મહારાષ્ટ્રમાં પૂણે, નાશિક, અહિલ્યાનગર જિલ્લામાં લઘુતમ તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસથી ઓછું નોંધાયું.
5) બંગાળની દક્ષિણ-પશ્ચિમ ખાડી પર આવેલું ચક્રવાત ફેન્જલ આજે તામિલનાડુ-પુડુચેરીના દરિયાકાંઠે ત્રાટકે તેવી સંભાવના.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM-DGPS-IGPS-CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઓડિશાના ભુવનેશ્વર ખાતે પોલીસ મહાનિદેશકો અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદમાં હાજરી આપી હતી. શ્રી મોદી આવતીકાલે પણ આ પરિષદમાં ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેનદમાં જણાવ્યું છે કે, શ્રી મોદીએ હંમેશા ખુલ્લી અને અનૌપચારિક ચર્ચાને પ્રોત્સાહન આપ્યું છે. 3 દિવસની આ પરિષદનું ગઈકાલે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે ઉદઘાટન કર્યું હતું.

આ પરિષદમાં રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત ડોભાલ, પ્રધાનમંત્રીના અગ્રસચિવ પી.કે. મિશ્રા સહિતના મહાનુભાવો ભાગ લઈ રહ્યાં છે.

દેશના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને સુરક્ષા પ્રબંધકોને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા આ પરિષદ યોજાઇ રહી છે. જેમાં સરહદ પારના આતંકવાદ, ડાબેરી ઉગ્રવાદ, દરિયાકાંઠાની સુરક્ષા અને નવા ફોજદારી કાયદા સહિતના મુદ્દે સત્ર યોજાશે.

# PRESIDENT-VISIT-CANCELLED

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની તમિલનાડુ કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના દીક્ષાંત સમારોહની મુલાકાત ખરાબ હવામાનને કારણે રદ કરવામાં આવી છે. હવે આ કાર્યક્રમની અધ્યક્ષતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ગોવિંદરાજન પદ્મનાભન કરશે.

# VP-VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે અરુણાચલ પ્રદેશના એક દિવસના પ્રવાસે છે. તેમની મુલાકાત દરમિયાન તેઓ ડોઈમુખની રાજીવ ગાંધી યુનિવર્સિટીના 22મા દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થીત રહશે.

ઉપરાષ્ટ્રપતિશ્રી ઇટાનગર ખાતે અરુણાચલ પ્રદેશ વિધાનસભાના વિશેષ સત્રમાં પણ સંબોધન કરશે.

# SITHARAMAN-BIHAR-VISIT

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે બિહારના મધુબની જિલ્લામાં ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામમાં 50 હજારથી વધુ લાભાર્થીઓને 1 હજાર 121 કરોડ રૂપિયાથી

વધુના મંજૂરી પત્રો અને લોનનું વિતરણ કર્યું. શ્રીમતી સીતારમણે વિવિધ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ, પીએમ વિશ્વકર્મા, મુદ્રા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા અને કિસાન ક્રેડિટ કાર્ડ યોજના હેઠળની લોનનું વિતરણ કર્યું હતું.

આ અગાઉ તેમણે સ્વ-સહાય જૂથોના મહિલા સભ્યો ખાસ કરીને જીવિકા દીદી જેઓ તેમના હસ્તકલા, માટીકામ, મશરૂમ અને અન્ય વૈવિધ્યસભર કૃષિ ઉત્પાદનોનું પ્રદર્શન કરી રહ્યા હતા તેમની સાથે ચર્ચા કરી હતી.

તેમની બિહાર મુલાકાતના અંતિમ દિવસે તેઓ સૌરથમાં મિથિલા ચિત્રકલા સંસ્થાનમાં કારીગરો, અને મધુબની પેઇન્ટિંગ્સના કલાકારો અને પદ્મ પુરસ્કાર વિજેતાઓ સાથે મુલાકાત કરશે.

# MAHARASHTRA - CM

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પરિણામોનાં એક સપ્તાહ પછી પણ મુખ્યમંત્રી કોણ બનશે તેની અટકળો ચાલુ છે. મહાયુતિ ગઠબંધનના નેતાઓએ મુંબઈ અને દિલ્હીમાં અનેક બેઠકો યોજી છે. આગામી મુખ્યમંત્રીનું નામ હજુ નક્કી નથી, પણ ભાજપ અને શિવસેનાના સૂત્રોએ જણાવ્યું કે, નવા મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારોહ 5મી ડિસેમ્બરે આઝાદ મેદાનમાં યોજાવાની શક્યતા છે.

મહારાષ્ટ્ર વિધાનસભામાં 288 સભ્યોનાં ગૃહમાં 78 પ્રથમ વાર ચૂંટાયા છે, જે કુલ ધારાસભ્યોનાં 27 ટકા થાય છે. આમાંથી 33 ભારતીય જનતા પાર્ટીનાં, 14 શિવસેનાના અને આઠ એનસીપીનાં છે. શિવસેનાના ઉધ્ધવ ઠાકરે જૂથનાં 10, કોંગ્રેસનાં છ અને એનસીપી- શરદ પવાર જૂથનાં ચાર ધારાસભ્યો પ્રથમ વાર વિધાનસભામાં જશે.

# GOVT-ADB

કેન્દ્ર સરકાર અને એશિયા વિકાસ બેન્ક - A.D.B.એ બાગાયત સાથે સંકળાયેલા ખેડૂતો લાભ આપવાના ઉદેશ્યથી 9 કરોડ 80 લાખ ડોલરના ઋણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આનાથી, ખેડૂતોને રોગમુક્ત વાવેતર સામગ્રી ઉપલબ્ધ થશે અને ઉત્પાદકતા, ફળોની ગુણવત્તા વધારવા અને આબોહવા પરિવર્તનની અસરોનો સામનો કરવામાં મદદ કરશે.

સ્વચ્છ છોડ કાર્યક્રમ હેઠળ આર્થિક બાબતોના વિભાગના સંયુક્ત સચિવ જુહી મુખર્જી અને ભારતમાં એડીબીના નિવાસી અધિકારી કાઈ વેઈ યેઓએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમની સફળતા સુનિશ્ચિત કરવા માટે ખાનગી નર્સરીઓ, સંશોધકો, રાજ્ય સરકારો અને ખેડૂત સંગઠનોને સામેલ કરવામાં આવશે.

# CWC-MEETING

કોંગ્રેસ કાર્યકારી સમિતિ CWCની બેઠક ગઈકાલે નવી દિલ્હીમાં યોજાઇ ગઈ. બેઠકમાં વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા કરવામા આવી હતી.

બેઠક બાદ મીડિયાને સંબોધન કરતા કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે જણાવ્યું કે, CWCએ તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભા ચૂંટણીઓ સહિત વિગતવાર ચર્ચા કરી હતી. પાર્ટીએ ડિસેમ્બર મહિનામાં બેલાગવી ખાતે મહાત્મા ગાંધીના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ પદે યોજાયેલા અધિવેશનની 100મી વર્ષગાંઠની ઉજવણી કરવાનું પણ નક્કી કર્યું છે.

અગાઉ સમિતિની બેઠકમાં તેમના પ્રારંભિક નિવેદનમાં, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ચૂંટણી પરિણામોમાંથી તરત જ શીખવાની અને સંગઠનાત્મક સ્તરે તમામ ખામીઓને સુધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો.

........................................................

# MINISTER ASHWINI VAISHNAV GUJ.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે ગુજરાતની એક દિવસની મુલાકાતે આવી રહ્યાં છેતેઓ આજે બપોરે સુરત વિમાન .મથકે આવી પહોંચશેત્યાંથી તેઓ કીમ . .રેલવે સ્ટેશને જશે અને બુલેટ ટ્રેન ટ્રેક સ્લેબ મેન્યુફેકચરિંગ ફેકટરીની મુલાકાત લેશે .ત્યારબાદ લોકાદરાના પ્લાસર ઇન્ડિયા ફેકટરીની મુલાકાત લેશે

શ્રી વૈષ્ણવ સાથે આજે સાંજે વડોદરામાં ગતિશક્તિ યુનિવર્સિટીના બીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રેહશે. ઉલ્લેખનીય છે કે, ગતિશક્તિ યુનિવર્સિટી પરિવહન અને લોજીસ્ટીક્સ ક્ષેત્રને સમર્પિત દેશની પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે.

# MAHA-COLD WAVE

મહારાષ્ટ્રમાં નવેમ્બર મહિનામાં જ ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. પૂણે, નાશિક, અહિલ્યાનગર જિલ્લામાં ઠંડીનું મોજું પ્રસરી ગયું છે. આ જિલ્લાઓમાં લઘુતમ તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસ કે તેનાંથી ઓછું નોંધાયું છે. હવામાન વિભાગે રાજ્યનાં કેટલાંક જિલ્લાઓમાં આગામી ત્રણ દિવસ માટે ઠંડા પવન ફૂંકાવાની આગાહી કરી છે. વસંતરાવ નાઇક મરાઠવાડા કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગે સૌથી ઓછું આઠ ડિગ્રી સેલ્સિયસ તાપમાન પરભણી જિલ્લામાં નોંધ્યું છે. વિદર્ભમાં પણ તાપમાન ઘટ્યું

છે. આજે સવારે અમરાવતી જિલ્લામાં 12 ડિગ્રી અને ધારાણી-ચિખલાદારીમાં નવ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

મુંબઇમાં ગઈ કાલે 16.5 ડિગ્રી સેલ્સિયલ લઘુતમ તાપમાનો નોંધાયું હતું, જે છેલ્લાં આઠ વર્ષમાં સૌથી ઓછું હતું.

# DAY PUDUCHERRY-CYCLONE

બંગાળની દક્ષિણ-પશ્ચિમ ખાડી પર આવેલું ચક્રવાત ફેન્જલ 15 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું છે. જે આજે રાત્રે પુડુચેરીમાં ત્રાટકશે તેવી સંભાવના છે. વર્તમાન પરિસ્થિતિને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેતીના પગલા રૂપે આશ્રય શિબિરોમાં મોકલવામાં આવ્યા છે. નીચાણવાળા વિસ્તારોમાં અવિરત વરસાદને કારણે પાણીનું સ્તર વધી ગયું છે. ભારે પવન અને રનવે પર પાણી જમા થવાને કારણે હવાઈ મથક અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું છે.

તામિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને આજે પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. ચેન્નાઈમાં ચક્રવાત નિયંત્રણ કેન્દ્રની મુલાકાત લીધા બાદ પત્રકારો સાથે વાત કરતા તેમણે તિરુવલ્લુર, કાંચીપુરમ, રાનીપેટ અને અન્ય જિલ્લાઓના જિલ્લા કલેક્ટરને જરૂરી પગલાં લેવા સૂચના આપી હોવાનું જણાવ્યું હતું. દરમિયાન ચક્રવાત ફેન્જલને ધ્યાનમાં રાખીને પુડુચેરી વહીવટીતંત્ર કોઈપણ સંજોગોને પહોંચી વળવા માટે સજ્જ કરાયું છે.

# U-19 ASIA CUP CRICKET

અન્ડર 19 એશિયા કપમાં, યુએઇમાં દુબઇ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે ગ્રૂપ-એમાં એક દિવસની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમાઇ રહી છે.

ગ્રૂપની પ્રારંભિક મેચમાં પાકિસ્તાને ટોસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. છેલ્લાં અહેવાલ મળ્યા ત્યારે પાકિસ્તાનના ઓપનર શાહઝેબખાનની સદીની મદદથી પાકિસ્તાને 41 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 210 રન કર્યા હતા. ગ્રૂપની અન્ય મેચમાં યુએઇએ જાપાન સામે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે. શારજાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી આ મેચમાં છેલ્લાં અહેવાલ પ્રમાણે યુએઇએ 41 ઓવરમાં 4 વિકેટે 278 રન કર્યા છે.

# NIGERIA-BOAT-CAPSIZED

નાઈજીરીયામાં નાઈજર નદીના કિનારે ગઈ કાલે નૌકા પલટી જતાં 27 લોકોનાં મૃત્યુ થયા છે .

આ દુર્ઘટનામાં 100થી વધુ લોકો ગુમ થયાના અહેવાલ છે. સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર નૌકામાં લગભગ 200 મુસાફરો સવાર હતાબચાવ ટૂકડીએ . 27 મૃતદેહો બહાર કાઢ્યા છે.